# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30/04/2026** **Morning : 7.10 to 7.20**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **નાગરિકોની મળતી 20 જેટલી ઓનલાઈન સેવાઓ ઝડપથી મળે તે માટે વહીવટી તંત્રને મુખ્યમંત્રીની સૂચના.**
2. **તમામ પ્રજાલક્ષી પ્રશ્નો અને ફરિયાદોનું ઝડપથી નિવારણ લાવવા મુખ્યમંત્રીની તંત્રને તાકિદ.**
3. **ગુજરાત યુનિવર્સિટીની વહીવટી ભરતીમાં 4 હજારથી વધુ ઉમેદવારોની આજે અમદાવાદ ખાતે મુખ્ય પરીક્ષા લેવાશે.**
4. **રાજ્યમાં આજથી ગરમીમાં રાહત મળે તેવી આગાહી.**
5. **મિઝોરમના બ્રેઇનડેડ યુવાનના અઁગદાનને કારણે ચાર વ્યક્તિઓને નવજીવન.**
6. **IPL ક્રિકેટમાં ગુજરાત ટાઇટન્સ આજે અમદાવાદમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુંરુ સામે ટકરાશે.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# CABINET DECISION

રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને સરકારી સેવાઓ વધુ સરળ, પારદર્શક અને ઝડપી મળે તે માટે 'ડિજિટલ ગુજરાત' પોર્ટલ કાર્યરત કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સૌથી વધુ ઉપયોગમાં લેવાતી અને નાગરિકોને સીધી સ્પર્શતી સેવાઓ જેવી કે આવકનો દાખલો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર, નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર, રેશનકાર્ડને લગતી મહત્વની **'Top-20'** હાઈ-વોલ્યુમ સેવાઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે અને તેના માટે આધાર પ્રમાણીકરણ પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે.

રાજ્યના નાગરિકોને મળતી આ **20** જેટલી ઓનલાઈન સેવાઓ ઝડપથી મળે તે માટે વહીવટી તંત્રને મુખ્યમંત્રીએ સૂચના આપી હોવાનું પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું.

**BYTE: JITU VAGHANI, SPOKESPERSON MINISTER, 20 SERVICE**

સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય સ્તરથી લઈને રાજ્ય સ્તર સુધીના તમામ પ્રજાલક્ષી પ્રશ્નો અને ફરિયાદોનું ઝડપથી નિવારણ લાવવા વહીવટી તંત્રને સ્પષ્ટ આદેશો આપ્યા છે.

**BYTE- JITUBHAI VAGHANI, SPOKESPERSON MINISTER, LOK PRASHNO**

# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટીની વહીવટી ભરતીમાં 4 હજારથી વધુ ઉમેદવારોની આજે અમદાવાદ ખાતે મુખ્ય પરીક્ષા લેવાશે. જેમાં જુનિયર ક્લાર્ક જનરલ અને જુનિયર ક્લાર્ક દિવ્યાંગ સહિતની કેટેગરીમાં મુખ્ય પરીક્ષા લેવામાં આવશે. ગઈકાલે યોજાયેલ ફાર્માસિસ્ટ, ટેલિફોન ઓપરેટર, સેકશન ઓફિસ, યુનિવર્સિટી એન્જિનિયર, કમ્પાઉન્ડ અને સિક્યુરિટી ઓફિસર સહિતની જગ્યા માટે 200 જેટલા ઉમેદવારની મેઇન પરીક્ષા લેવાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, યુનિવર્સિટી દ્વારા શરૂ કરાયેલ વહીવટી સ્ટાફ ભરતી પ્રક્રિયા અંતર્ગત અગાઉ માર્ચમાં પ્રિલિમ પરીક્ષા લેવાય બાદ ક્વોલિફાય ઉમેદવારો માટે મેઇન પરીક્ષા લેવાનું શરૂ કરાયું છે.

# WEATHER

રાજ્યમાં અંગ દઝાડતી ગરમીથી લોકોને રાહત મળશે. આજથી એકથી બે ડિગ્રી સુધી તાપમાનમાં ઘટાડો નોંધાશે, ભેજવાળા પવન ફૂંકાતા તાપમાન ઘટશે.

જોકે ત્રણ દિવસ દરમિયાન 40 થી 43 ડિગ્રી તાપમાન રહેવાની હવામાન વિભાગના વડા એ કે દાસે જણાવ્યુ હતું. ગઇકાલે રાજ્યનું સૌથી ગરમ શહેર રાજકોટ રહ્યું હતું.

**BYTE- DR. A.K. DAS, IMD**

# ANGDAN

મિઝોરમના મામીત જિલ્લાના તુઇપુઇબારી ગામનો રહેવાસી મોઇંગસુહા અમદાવાદમાં કામ કરતી પોતાની બહેનને મળવા માટે આવ્યો હતો. અમદાવાદના મેમ્કો બ્રિજ નજીક થયેલા એક ગંભીર અકસ્માતને કારણે માથામાં થયેલ ઇજાથી સિવિલિ હોસ્પિટલના તબીબોએ તેને બ્રેઈન ડેડ જાહેર કર્યો હતો.

મોઇંગસુહાની માતાએ પોતાના વ્હાલસોયા પુત્રના અંગોનું દાન કરવાનો નિર્ણય લીધો. આ અંગદાન થકી મોઇંગસુહાનું હૃદય, એક લીવર અને બે કિડની પ્રાપ્ત થઈ. યુ.એન. મહેતા હોસ્પિટલમાં હૃદયનું અને સિવિલ મેડિસિટી કેમ્પસની કિડની હોસ્પિટલમાં લીવર તેમજ કિડનીનું પ્રત્યારોપણ કરીને ચાર દર્દીઓને નવું જીવન બક્ષવામાં આવશે.

આ સાથે સિવિલ હોસ્પિટલ માટે આ ૨૩૮મું અંગદાન હતું. અત્યાર સુધીમાં અંગદાન દ્વારા કુલ ૭૮૮ અંગો અને ૨૩૮ પેશીઓ મળીને કુલ ૧૦૨૬ અંગો અને પેશીઓનું દાન પ્રાપ્ત થયું છે. જેમાં ૨૧૨ લીવર, ૪૩૯ કિડની, ૭૬ હૃદય, ૩૪ ફેફસાં, ૬ હાથ, ૨ નાના આંતરડા, ૧૯૪ આંખો અને ૪૪ સ્કીનનો સમાવેશ થાય છે. આ કાર્ય દ્વારા આશરે ૭૬૬ જેટલા દર્દીઓને જીવનદાન આપવામાં સહાય મળી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## SURYAGHAR YOJNA

પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના નાગરિકો માટે આર્શીવાદ રૂપ સાબિત થઇ રહી છે, તેનું ઉદાહરણ છે. વલસાડ જિલ્લાના ફણસવાડા ગામના ખેડૂત મનમોહન બાબુભાઈ પટેલનું કહેવું છે કે, છેલ્લા 2 વર્ષથી 3 કે.વી.ના 2 સોલા પેનલ તેમને ત્યાં કાર્યરત છે, જેને કારણે આર્થિક લાભ થઇ રહ્યો છે.

**BYTE: MANMOHAN BABUBHAI PATEL, BENEFICIARY**

# GUJCOST SUMMER CAMP

પાટણ, ભાવનગર, રાજકોટ અને કચ્છના ભુજ ખાતે આવતીકાલથી 30 મે સુધી ઉનાળું વિજ્ઞાન શિબિર યોજાશે. આ ચારેય જિલ્લાના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાનારી ત્રણ દિવસની શિબિરમાં ધોરણ છથી 10ના વિદ્યાર્થીઓ ભાગ લેશે.

શિબિરમાં વૈજ્ઞાનિક કેવી રીતે બનવું? અવકાશ સમર કેમ્પ, મરીન બાયોલોજી / મશીન ઇજનેરી, કૃત્રિમ બુદ્ધિમત્તા – **A.I.** અને રોબોટિક્સ તથા એક્સ્પ્લોરિંગ નેચર એટલે કે, પ્રકૃતિના તત્વોનું અન્વેષણ જેવી પાંચ આકર્ષક વિષયવસ્તુને આવરી લેવાશે.

બાળકોનું ઉનાળું વેકેશન આકર્ષક બનાવવા અને તેમને ગમ્મત સાથે વિજ્ઞાનનું શિક્ષણ આપવા ગુજરાત વિજ્ઞાન અને ટૅક્નોલોજી પરિષદ – ગુજકોસ્ટ દ્વારા આ પહેલ કરવામાં આવી છે.

# IPL

**IPL** ક્રિકેટમાં ગુજરાત ટાઇટન્સ આજે અમદાવાદમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુંરુ સામે ટકરાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઇકાલે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં સનરાઈઝર્સ હૈદરાબાદે મુંબઈ ઈન્ડિયન્સને છ વિકેટથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા મુંબઈ ઈન્ડિયન્સે સનરાઈઝર્સ હૈદરાબાદને **244** રનનો લક્ષ્યાંક આપ્યો. જવાબમાં સનરાઈઝર્સ હૈદરાબાદ **19**મી ઓવરમાં **4** વિકેટ ગુમાવીને **249** રન બનાવીને આ લક્ષ્યાંક હાંસલ

કર્યો.સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી ટ્રેવિસ હેડે **30** બોલમાં **76** રન બનાવ્યા. જ્યારે હેનરિક ક્લાસેનને **65** રનની અણનમ રમત માટે પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી એએમ ગઝનફરે **2** વિકેટ ઝડપી હતી.

## NFSU AWARD

**NFSU**એ રાજભાષા કાર્યાન્વયન સમિતિ દ્વારા આયોજિત સ્પર્ધાઓમાં ચાર પુરસ્કારો જીત્યા છે. **NFSU**ના કર્મચારી-અધિકારીઓને સ્વ-રચિત કવિતા પઠન, ગીત ગાયન, સૂત્ર લેખન અને ચિત્ર સંવાદ લેખનની સ્પર્ધાઓમાં ત્રણ પ્રથમ પુરસ્કાર અને એક પ્રોત્સાહન પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

નગર રાજભાષા કાર્યાન્વયન સમિતિ ગાંધીનગરની દ્વિ-વાર્ષિક બેઠક નરાકાસના ચેરમેન સુનિલ સિંહાના અધ્યક્ષપદે યોજાઈ હતી. આ અવસરે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (**NFSU**), ગાંધીનગરના કેમ્પસ ડાયરેક્ટર પ્રો.(ડૉ.) એસ.ઓ. જુનારેએ શૈક્ષણિક સંસ્થા શ્રેણીમાં **NFSU**ને આપવામાં આવેલ પ્રથમ પુરસ્કારનો સ્વીકાર કર્યો હતો.

## BHARATI MELO - VADODARA

યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર વડોદરા દ્વારા આજે સવારે **10** વાગે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં બી.ઈ. (ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ), એમ.એસસી. (કેમેસ્ટ્રી, ઓર્ગેનિક કેમેસ્ટ્રી), બી.ફાર્મ, માઇક્રોબાયોલોજી અને બાયોટેકનોલોજીની શૈક્ષણિક લાયકાત

ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. આ કાર્યક્રમમાં ઉમેદવારોને વિદેશમાં શિક્ષણ અને રોજગારીની તકો, સુરક્ષિત કાનૂની સ્થળાંતર, સ્વરોજગાર, લોન સહાય સહિત એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ અંગે નિઃશુલ્ક માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. તેમજ રોજગારલક્ષી સરકારી પોર્ટલ "અનુબંધમ" "એન.સી.એસ."ના મહત્તમ ઉપયોગ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવશે.

35 વર્ષ સુધીની વયમર્યાદા અને યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા તમામ રોજગારવાંચ્છુક ઉમેદવારો પોતાના બાયોડેટા (રિઝ્યુમ)ની ત્રણ નકલો સાથે ભરતી મેળામાં ભાગ લઈ શકે છે.

# DANG KAJU PROCESSING

સ્થાનિક ખેડૂતોના સહયોગથી કાજુના વેલ્યુ એડિશન માટે પ્રોસેસિંગ પ્લાન્ટ સ્થાપી વેચાણ શરૂ કરાયુ. ડાંગ જિલ્લાના વઘઇ તાલુકામાં આવેલા જામલાપાડા ગામે અંબિકા બાગાયત ફળ, ફુલ શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી દ્વારા કાજુ ઉત્પાદન તથા કાજુ પ્રોસેંસિંગની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

કાજુ પ્રોસેસિંગ દરમિયાન સ્થાનિક મહિલાઓને રોજગારી પણ ઘરબેઠાં પુરી પાડવામાં આવે છે. અહીં કામ કરતાં ઉર્મિલા રાઠોડે જણાવ્યુ કે, સ્થાનિક કક્ષાએ જ રોજગારી મળવાના કારણે તેઓને બહારગામ જવું પડતું નથી. ઉપરાતં તેઓ ઘરના કામ સાથે મંડળીમાં પણ કામ કરી રહ્યા છે.

**BYTE- URMILA RATHOD, LOCAL WOMAN**